## મહાયોગી, મહાકવિ, અવધૂત અધ્યાત્મયોગી

# મુનિરાજ શ્રી ચિદાનંદજી મહારાજ

શ્રી કર્પૂરચંદ્રજી અપરનામ શ્રી ચિદાનંદજી મહારાજ વીસમી સદીમાં વિદ્યમાન હતા તેમ તેમની કૃતિઓ પરથી જાણવા મળે છે. શ્રી આનંદઘનજી મહારાજની પેઠે તેઓશ્રી પણ અધ્યાત્મજ્ઞાનમાં રસિક અને કવિત્વશક્તિમાં નિપુણ હતા. તેઓ તીર્થપ્રદેશોમાં વધુ વસ્યા હોય એમ લાગે છે. કારણ કે શત્રુંજય અને ગિરનાર પર આવેલ કોઈ ગુફા કે સ્થાન તેમનાં નામે આજે પણ ઓળખાય છે. સમેતશિખરજી ઉપર તેમનો દેહાંત થયો એવી દંતકથા છે.

તેઓશ્રી સ્વભાવે એકાંકી અને નિઃસ્પૃહી હતા. એક અવધૂતની જેમ અલિપ્ત રહેવામાં જ માનતા, એમ તેમના સંસર્ગમાં આવેલા મહાનુભાવોએ વર્ણવેલા અનુભવો પરથી જાણવા મળે છે. એટલું જ નહિ, પોતે જ્ઞાની અને સિદ્ધિસંપન્ન છે એ વાતની લોકોને જાણ ન થાય તેવું સરળ જીવન જીવતા; અને અનાયાસ લોકોને તેમની સિદ્ધિનો પરિચય થાય તો તેઓ એ સ્થાન ત્યજી દેતા. વિ. સં. ૧૯૦૪માં તેઓશ્રી ભાવનગરમાં બિરાજમાન હતા એમ તેમના રચેલા શ્રી ગોડી પાર્શ્વનાથજીના સ્તવનમાં આપેલા સંવત ઉપરથી જણાય છે. ભાવનગરથી એક ગૃહસ્થે શ્રી ગિરનારજીનો સંઘ કાઢયો હતો તેમાં તેઓ હતાં. અને ગિરનાર પહોંચ્યા પછી કયાં સીધાવ્યા તેનો પત્તો મળી શકયો નહોતો એવા નિર્દેશો સાંપડે છે.

આમ, તેઓશ્રીના ક્ષર દેહ વિશે બહુ માહિતી પ્રાપ્ત થતી નથી; પરંતુ તેમના અક્ષર દેહથી તેઓ અમર બની ગયા છે. તેઓશ્રી ઉત્તમ કોટિના વિદ્વાન હતા; ઉપરાંત ઉત્તમ કોટિના કવિ હતા. તેમણે રચેલી કૃતિઓમાં ચિદાનંદ બહોંતેરી, સ્વરોધ્યજ્ઞાન, પુદ્ગલગીતા, સવૈયા, હિતશિક્ષાના દુહા, પ્રશ્નોત્તરમાલા, દયાછત્રીસી, પરમાત્મછત્રીસી, અધ્યાત્મબાવની ઇત્યાદિ મુખ્ય છે. તેમની કાવ્યરચના સરળ અને અર્થગૌરવને લીધે હૃદયંગમ છે. તેમનાં કાવ્યો પોતાના યોગજીવનના, અધ્યાત્મચિંતનના અને તપસ્વી જીવનના ઊંડાણને સ્પર્શતાં હોવાથી સાહજિક ઉદ્ગારો રૂપે પ્રગટેલાં લાગે છે. અગાધ કલ્પનાશક્તિ, અપૂર્વ અલંકારશક્તિ અને અપ્રતીમ અર્થગૌરવને લીધે એમનાં કાવ્યો આજે પણ તાજગીપૂર્ણ લાગે છે. શબ્દનો રણકાર અને કાવ્યનો રાગ શ્રોતાને મંત્રમુગ્ધ કરી દે તેવા છે. પરિણામે આબાલવૃદ્ધ સૌ તેમની ગીતરચનાઓને ગાઈ શકે છે અને એમના અવધૂત રંગને માણી શકે છે.

તેઓશ્રીની ૭૨ પદોની 'ચિદાનંદ બહોંતેરી' અતિ પ્રચલિત છે. આ પદોમાં ૧૨ સ્તવનો, ૧ પર્યુષણ પર્વની સ્તુતિ અને ૧ ગુરુ પાસે ગાવાની ગહુંલી છે, તે ખૂબ જ ભાવવાહી છે. સ્તવનોમાં મુખ્યત્વે શ્રી ઋષભદેવ, અજિતનાથ, ચંદ્રપ્રભુ, નેમિનાથ અને પાર્શ્વનાથ પરમાત્માનાં છે. તેમાં ત્રણ તો તેઓ ભાવનગરમાં ચાતુર્માસ હતા ત્યારે ત્રણ મૂળ નાયકજીને ઉદ્દેશીને બનાવેલાં છે. બીજાં સ્તવનો ગિરનારજી, તારંગાજી, શંખેશ્વરજી વગેરે તીર્થોમાં પધારેલ હશે ત્યારે બનાવેલાં હશે એવું અનુમાન થાય છે. તેમાંનાં માત્ર પાર્શ્વનાથના સ્તવનમાં સં.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

૧૯૦૪ની સાલ મળે છે. આ સ્તવનો અને પદો અધ્યાત્મ અને ભક્તિભાવ સંબંધે અત્યંત ભાવવાહી છે.

પહેલાં પદમાં ચેતનની બે સ્ત્રી : ૧. સમતા અને ૨. કુમતા. અર્થાત્ એક સુમતિ અને બીજી કુમતિ. સુમતિ પોતાને કહે છે :

> " પિયા ! પર ઘર મત જાઓ રે, કરી કરુણા, મહારાજ !
> કુલ મરજાદા લોપ કે રે, જે જન પરઘર જાય,
> તિણ કું ઉભય લોક સુણ પ્યારે, રંચક શોભા નાય...."

આત્મા વિશેનો પરિચય કવિ આપે છે ત્યારે સહજગમ્ય ઉપમા–દૃષ્ટાંતો લઈ આવે છે. જેમ કે,

> " કનક ઉપલ મેં નિત રહે રે, દૂધ માંહે ફુની ઘીવ;
> તિલ સંગ તેલ, સુવાસ કુસુમસંગ, દેહ સંગ તેમ જીવ."

એવી જ રીતે,

> " મારગ સાચા કોઉ ન બતાવે, જાકું જાય પૂછીએ તે અપની અપની ગાવે.'

એમ કહેનારા આ મહાત્માએ યોગશક્તિ અને કવિત્વથી મહાન શાસનપ્રભાવના કરી છે, એ તો એમના અસંખ્ય કાવ્યો દ્વારા સિદ્ધ થાય છે.

( સંકલન : રાયચંદ મગનલાલ શાહ )



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org